હિસાબ અને તિજોરી નિયામકની કચેરી અને વીમા નિયામકની કચેરીની રાજ્યપત્રિત તેમજ બિન રાજ્યપત્રિત જગ્યાઓમાં વર્ગ-૧ થી વર્ગ-3 સંવર્ગોની સેવાઓમાં સીધી ભરતીમાં દિવ્યાંગ વ્યક્તિઓના અધિકાર અધિનિયમ, ૨૦૧૬ની જોગવાઇ અન્વયે બેંચમાર્ક ડિસેબીલીટી નક્કી કરવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક: FD/MSM/e-file/4/2023/3709/GH(DAT-Estt)
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૩/૧૨/૨૦૨૩

વંચાણે લીધા:
(૧) સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૧૭/૧૨૨૬૩૯-ગર, તા.૧૭/૦૯/૨૦૨૧
(૨) દિવ્યાંગ વ્યક્તિઓ માટે સીધી ભરતીમાં ૪ ટકા જગ્યાઓ સુનિશ્ચિત કરવા બાબતની પેટા તજજ્ઞ સમિતિની તા.૦૭/૦૩/૨૨ તથા તા.૩૦/૦૬/૨૦૨૨ની બેઠકની કાર્યવાહી નોંધ
(૩) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક: તસમ/૨૩/૨૦૧૨/૧૦૮૩/ઘ તા.૨૮/૦૭/૨૦૨૨
(૪) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૭/૦૯/૨૦૨૨ તથા તા.૩૦/૧૨/૨૦૨૨ નો પરિપત્ર ક્રમાંક:અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧ (પાર્ટ-૬)
(૫) નાણા વિભાગનો તા.૦૯/૧૧/૨૦૨૩ નો ઠરાવ ક્રમાંક: FD/MSM/e-file/4/2023/3709/GH(DAT-Estt)
(૬) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૪/૧૧/૨૦૨૩ નો પત્ર ક્રમાંક:SJED/DIA/e-file/17/2023/1761/CHH-1 Section

**<u>પ્રસ્તાવના</u>**

The Rights of Persons with disabilities Act,2016 અમલમાં આવતા સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના ઠરાવથી રાજ્ય સરકારના વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ ના સંબંધિત સંવર્ગમાં સીધી ભરતીથી ભરવાની થતી કુલ ખાલી

જગ્યાના ૪ (ચાર)% જગ્યાઓ દિવ્યાંગતા (Benchmark Disabilities) ધરાવતી વ્યક્તિઓ માટે અનામત રાખવાનું ઠરાવવામાં આવેલ છે.

**૨.** ઉક્ત વિગતોએ હિસાબ અને તિજોરી નિયામકની કચેરી અને વીમા નિયામકની કચેરીની સીધી ભરતીથી ભરવાની થતી રાજ્યપત્રિત તેમજ બિનરાજ્યપત્રિત સંવર્ગોની જવાબદારી અને ફરજોના વહન માટેની શારીરિક જરૂરિયાતોને ધ્યાને લઇ સદરહુ સંવર્ગોમાં બેંચમાર્ક ડિસેબીલીટી ધરાવતી વ્યક્તિઓ માટે જગ્યાઓ સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકારની પેટા તજજ્ઞ સમિતિને દરખાસ્ત કરવામાં આવેલ. સદર પેટા તજજ્ઞ સમિતિની તા.૦૭/૦૩/૨૦૨૨ તથા તા.૩૦/૦૬/૨૦૨૨ના રોજની બેઠકની વંચાણે લીધેલ ક્રમ (૨) પરની કાર્યવાહી નોંધ મુજબ સદરહુ બેઠકમાં વિભાગની દરખાસ્ત અન્વયે મળેલ મંજૂરી મુજબ હિસાબ અને તિજોરી નિયામકની કચેરી અને વીમા નિયામકની કચેરીની સીધી ભરતીથી ભરવાની થતી રાજ્યપત્રિત તેમજ બિનરાજ્યપત્રિત સંવર્ગોમાં સૌ પ્રથમ વંચાણે લીધા ક્રમ-(૫) મુજબના સરખા ક્રમાંકના તા.૨૮/૦૭/૨૦૨૨ ના ઠરાવથી બેંચમાર્ક ડિસેબીલીટી નિયત કરવામાં આવેલ.

**૩.** ઉક્ત ઠરાવ પ્રસિધ્ધ થયા બાદ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૪) પરના તા.૧૭/૦૯/૨૦૨૨ તથા તા.૩૦/૧૨/૨૦૨૨ ના પરિપત્રથી "રાજ્ય સરકાર હસ્તકના તમામ સંવર્ગોમાં દિવ્યાંગતાનો પ્રકાર નક્કી કરતી વખતે ગૃપ-(C) માં દરેક વિભાગે પોતાના નિયંત્રણ હેઠળની જગ્યાઓ માટે હલનચલનની દિવ્યાંગતા (Locomotor Disability) માં Spinal Deformity (SD) and Spinal Injury (SI) without any associated neurological/limb dysfunction નો પણ અચુક સમાવેશ કરવાનો રહેશે તેમજ Spinal Deformity (SD) and Spinal Injury (SI) with any associated neurological/limb dysfunction ના કેસમાં જે તે અંગની નિષ્ક્રિયતા ધ્યાનમાં લઇને સંબંધિત દિવ્યાંગતામાં તેનો સમાવેશ થયેલો ગણવાનો રહેશે" તે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ.

**૪.** આથી,વંચાણે લીધેલ ક્રમ-(૪) પરના પરિપત્રોની સૂચનાઓ ધ્યાને લેતા નાણા વિભાગના વંચાણે લીધા ક્રમ-(૩) પરના ઠરાવમાં કાળજીપૂર્વકની વિચારણાને અંતે જરૂરી સુધારા સાથે હિસાબ અને તિજોરી નિયામકની કચેરી અને વીમા નિયામકની કચેરીની સીધી ભરતીથી ભરવાની થતી રાજ્યપત્રિત તેમજ બિનરાજ્યપત્રિત સંવર્ગો માટે બેંચમાર્ક ડિસેબીલીટી નિયત કરતો વંચાણે લીધા ક્રમ-(૫) પરનો ઠરાવ નવેસરથી પ્રસિધ્ધ કરવામાં આવેલ.

**૫.** ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમ-(૬) પરના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના પત્રથી આપવામાં આવેલ સૂચના અનુસાર વંચાણે લીધેલ ક્રમ-(૫) પરના ઠરાવમાં કાળજીપૂર્વકની વિચારણાને અંતે જરૂરી સુધારા સાથે હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

અને વીમા નિયામકની કચેરીની સીધી ભરતીથી ભરવાની થતી રાજ્યપત્રિત તેમજ બિનરાજ્યપત્રિત સંવર્ગો માટે બેંચમાર્ક ડિસેબીલીટી નિયત કરતો નીચે મુજબનો ઠરાવ, આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

**ઠરાવ:-**

દિવ્યાંગ વ્યક્તિઓને અધિકાર અધિનિયમ,૨૦૧૬ અન્વયે હિસાબ અને તિજોરી નિયામકની કચેરી અને વીમા નિયામકની કચેરીની સીધી ભરતીથી ભરવાની થતી રાજ્યપત્રિત તેમજ બિનરાજ્યપત્રિત સંવર્ગોમાં નીચે દર્શાવેલ બેંચમાર્ક ડિસેબીલીટી ધરાવતા દિવ્યાંગ ઉમેદવારોને સીધી ભરતીથી નિમણૂંક માટે અરજીપાત્ર ગણવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
|---|---|---|---|---|---|---|
| | | | A | B | C | D&E |
| **વીમા નિયામકની કચેરી** | | | | | | |
| ૧ | સહાયક વીમા નિયામક | ૨ | B,LV | D, HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV,MDy, SD, SI | ASD(M), SLD MI(40-70%) MD(40-70%) |
| ૨ | શ્રેયાન તાંત્રિક મદદનીશ | 3 | B,LV | D, HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV,MDy, SD, SI | ASD(M), SLD MI(40-70%) MD(40-70%) |
| 3 | કન્યાન તાંત્રિક મદદનીશ | 3 | B,LV | D, HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV,MDy, SD, SI | ASD(M), SLD MI(40-70%) MD(40-70%) |
| ૪ | જુનિયર ક્લાર્ક | 3 | B,LV | D, HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV,MDy, SD, SI | ASD(M), SLD MI(40-70%) MD(40-70%) |

| હિસાબ અને તિજોરી નિયામકની કચેરી | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૫ | હિસાબ અને તિજોરી નિયામક હસ્તકના વર્ગ–૧ ના સંવર્ગ | ૧ | B,LV | D, HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV,MDy, SD, SI | ASD(M), SLD MI(40-70%) MD(40-70%) |
| ૬ | હિસાબ અને તિજોરી નિયામક હસ્તકના વર્ગ–૨ ના સંવર્ગ | ૨ | B,LV | D, HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV,MDy, SD, SI | ASD(M), SLD MI(40-70%) MD(40-70%) |
| ૭ | હિસાબનીશ | ૩ | B, LV | D, HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV,MDy, SD, SI | ASD(M), SLD MI(40-70%) MD(40-70%) |
| ૮ | નાયબ હિસાબનીશ | ૩ | B,LV | D, HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV,MDy, SD, SI | ASD(M), SLD MI(40-70%) MD(40-70%) |
| ૯ | પેટા હિસાબનીશ | ૩ | B, LV | D, HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV,MDy, SD, SI | ASD(M), SLD MI(40-70%) MD(40-70%) |
| ૧૦ | જુનિયર કલાર્ક | ૩ | B, LV | D, HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV,MDy, SD, SI | ASD(M), SLD MI(40-70%) MD(40-70%) |

Code and Functional classification: - Low Vision (LV), Deaf (D), Hard of Hearing (H.H.), OA (One Arm), OL (One Leg), BL (Both Leg), OAL (One Arm One Leg), Cerebral Palsy (CP), Leprosy Cured (LC), Dwarfism (DW), Acid

Attack Victim (AAV), Autism Spectrum Disorder (ASD),SD (Spinal Deformity), SI (Spinal Injury) [ M-Mild, MoD-Moderate],Mental Illness (MI), [Multiple Disabilities (MD)- Disabilities included in group (A) to (D)]

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: SAPNABEN V RANA
Organization Unit: Finance Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 13-Dec-2023 (06:06 PM)

(સપના વી. રણા)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણા)ના અગ્ર રહસ્યસચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(આ.બા.)ના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- અધ્યક્ષશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- નિયામકશ્રી,હિસાબ અને તિજોરી કચેરી, ગાંધીનગર.
- વીમા નિયામકશ્રી,વીમા નિયામકની કચેરી,ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી,નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઇલ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.